# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/410 Dt. 20/04/2026

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા પોષણ અને પાચન આરોગ્ય સંદર્ભે જાગૃતિ સત્ર યોજાયું

## નિષ્ણાંતો દ્વારા 'સ્વસ્થ લોકો, સ્વસ્થ ભારત' માટે પોષણ, પાઇલ્સ સહિત એનોરેકટલ રોગો અને તેની સારવાર અંગે માર્ગદર્શન અપાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'પોષણથી લઈને પાચન આરોગ્ય સુધી – સ્વસ્થ અને ઉત્પાદક ભારતનું નિર્માણ' વિષે જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના ઝડપી જીવનમાં લોકો પોતાના આરોગ્ય પ્રત્યે બેદરકાર બની રહ્યા છે, જેના કારણે વિવિધ બીમારીઓમાં વધારો જોવા મળે છે. સ્વસ્થ માનવશક્તિ જ દેશના વિકાસનું મૂળ છે અને આવા સત્રો દ્વારા આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો ચેમ્બરનો હેતુ છે.

વકતા તરીકે એચઓડી/કન્સલ્ટન્ટ કિલનિકલ ડાયટિશન અને મેડિકલ ન્યુટ્રિશન થેરાપિસ્ટ સુશ્રી રોશની પીઠાવાલાએ 'સ્વસ્થ લોકો, સ્વસ્થ ભારત – ઉત્પાદક રાષ્ટ્ર માટે પોષણ' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સંતુલિત અને પોષક આહાર શરીરને શક્તિ આપે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે ફાસ્ટ ફૂડથી દૂર રહી તાજું અને ઘરેલું ખોરાક અપનાવવાની સલાહ આપી હતી.

સિનિયર એનોરેકટલ સર્જન ડો. ભાવિન ભુવાએ એનોરેકટલ રોગ (પાઇલ્સ, ફિશર, ફિસ્ટયુલા વગેરે)ની સમજ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જીવનશૈલીમાં બદલાવ અને ખોરાકની ખોટી આદતોને કારણે આ પ્રકારના રોગોમાં વધારો થઈ રહ્યો છે. તેમણે સમયસર નિદાન અને સારવારની જરૂરિયાત પર ભાર મૂકયો હતો.

સિનિયર એનોરેકટલ સર્જન ડો. નરેશ ચોવટિયાએ એનોરેકટલ રોગોની સારવાર, ઘરેલુ ઉપાયો અને જીવનશૈલી મેનેજમેન્ટ વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, નિયમિત વ્યાયામ, પૂરતું પાણી પીવું, તંદુરસ્ત આહાર અને સ્વચ્છતા જાળવવાથી આ રોગોથી બચી શકાય છે. તેમણે ઘરેલુ ઉપાયો સાથે તબીબી સલાહનું પણ મહત્વ સમજાવ્યું હતું.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના કો–ચેરમેન શ્રી નિખિલ વઘાસિયાએ કાર્યક્રમનું સંચાલન કરી સત્રમાં ઉપસ્થિત સૌનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.